# ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા

## ૭૭૮ કિલોમીટર લાંબી અંકુશ રેખા પર વિસ્ફોટક સ્થિતિ

જમ્મુ,તા. ૧૬

ભારત અને પાકિસ્તાન ઝડપથી વધુ એક વખત સંઘર્ષની



દિશામાં આગળ વધી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતો પણ હવે કહે છે કે બંને દેશો પાંચમાં યુદ્ધની દિશામાં આગળ જઈ રહ્યા છે. કારણ કે ફ્લેગ મિટીંગ યોજાઈ હોવા છતાં એકબાજુ પાકિસ્તાને પાંચ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. ૭૭૮ કિલોમીટર લાંબી અંકુશ રેખા ઉપર હાલ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. બ્રિગેડિયન સ્તરની ફ્લેગ મિટીંગ સોમવારે બપોરે પૂંચ જિલ્લામાં યોજાઈ હતી. ચક્કન-ડાબાગ ક્રોસીંગ પોઈન્ટ ઉપર આ મિટીંગ યોજાઈ હતી. ત્યારબાદથી પણ પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ જારી રાખ્યો છે. યુદ્ધ વિરામના વારંવાર થઈ રહેલા ભંગના લીધે સ્થિતિ વિસ્ફોટક બનતી જઈ રહી છે. નોરધન આર્મી કમાન્ડના વડા અને અન્ય સેનાના અધિકારીઓ પણ માનવા લાગી ગયા છે કે પાકિસ્તાન ફ્લેગ મિટીંગમાં પહેલાંથી જ તૈયાર કરવામાં આવેલી વાર્તા સાથે આવ્યું હતું. પાકિસ્તાની બ્રિગેડિયને તૈયાર કરવામાં આવેલું નિવેદ વાચ્યું હતું અને દરેક બાબતોને રદિયો આપ્યો હતો. ફ્લેગ મિટીંગ બાદ પણ યુદ્ધ વિરામના સતત થઈ રહેલા ભંગથી ગંભીર સ્થિતિ ઊભી થઈ ગઈ છે. મોટા અને નાના હથિયારો મારફતે પાકિસ્તાને મારો ચલાવ્યો છે. પાકિસ્તાન ફ્લેગ મિટીંગ દરમિયાન નકારાત્મક મૂડમાં દેખાયું હતું. પાકિસ્તાની આર્મીના એસએસજીના કમાન્ડો મેનધાર સેક્ટરમાં ઘૂસી ગયા હતા અને લાન્સનાયક હેમરાજની ઘાતકી હત્યા કરી લીધી હતી. આઠમી જાન્યુઆરીએ લાન્સનાયક હેમરાજ અને લાન્સનાયક સુધાકરની ઘાતકી હત્યા કરી લીધી હતી. પાકિસ્તાની સૈના વધુ વખત યુદ્ધ વિરામનો ભંગ કરશે અને આતંકવાદીઓને ઘૂસાડવાના પ્રયાસ કરશે તો આક્રમક જવાબ આપવામાં આવશે. સોમવાર બપોર બાદથી ફરીવાર યુદ્ધ વિરામનો ભંગ થયો છે. મેનધાર, બલનોઈ અને ઉરી સેક્ટર ઘૂસણખોરીના રૂટ તરીકે છે. એમ પણ માનવામાં આવે છે કે આતંકવાદીઓ પણ ઘૂસણખોરી માટે તૈયાર છે.

### પાકિસ્તાને અંકુશરેખા પર ઘણી જગ્યાએ ભૂમિ સુરંગો બીછાવી દીધી

ભારતીય સેનાએ આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે પાકિસ્તાનની સેના ખૂબજ ખતરનાક ઈરાદા ધરાવે છે. પાકિસ્તાને અંકુશરેખા પર ઘણી જગ્યાએ ભૂમિ સુરંગો બીછાવી દીધી છે. આ અંગેના પુરાવાઓ પણ હાથ લાગ્યા છે. ભારતીય સેનાએ ભૂમિ સુરંગોના કેટલાક ફોટાઓ પણ જારી કર્યા છે અને કહ્યુ છે કે પાકિસ્તાની સેના દ્વારા અંકુશરેખાની ભારતીય બાજુએ આ સુરંગો બીછાવી દેવામાં આવી હતી. એવા અહેવાલ પણ મળ્યા છે કે સેનાએ સોમવારના દિવસે યોજાયેલી બ્રિગેડિયર સ્તરની મિટિંગમાં પાકિસ્તાનના સેનાના અધિકારીઓ સાથે આ ફોટોગ્રાફની વહેંચણી કરી હતી. જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં સોમવારે ફ્લેગ મિટિંગ યોજાઈ હતી જો કે પાકિસ્તાને આ અંગે માહિતી હોવાનો ઈન્કાર કર્યો હતો. પાકિસ્તાન દ્વારા અંકુશરેખા પર વારંવાર યુદ્ધવિરામના ભંગ બાદ આ ફ્લેગ મિટિંગ યોજાઈ હતી. અહેવાલમાં જણાવાયું છે કે ભારતીય સેના દ્વારા જારી કરવામાં આવેલા ફોટાઓમાં સાફ શબ્દોમાં જણાવાયું છે કે આ ભૂમિ સુરંગો પર માર્કિંગના નિશાન પાકિસ્તાનના છે. જે દર્શાવે છે કે આ ભૂમિ સુરંગોનું નિર્માણ પાકિસ્તાનની ફેક્ટરીઓમાં કરવામાં આવ્યું છે. જ્યાં ભારતીય સૈનિકોની મોટાભાગે ઉપસ્થિતિ હોય છે તેવા વિસ્તારમાં આ ભૂમિ સુરંગો ગોઠવવામાં આવી હતી. બીજી બાજુ પાકિસ્તાની અધિકારીઓ હજુ પણ નકારાત્મક વલણ અપનાવી રહ્યા છે. અંકુશ રેખા પર વિસ્ફોટક સ્થિતિ હોવા છતાં પાકિસ્તાન દ્વારા આ પ્રકારની કબૂલાત નહીં કરીને ભારતીય સેના અને ભારત સરકારની તકલીફમાં વધારો કર્યો છે.

## સમાચાર ઝલક

- પાકિસ્તાન સરકાર મુશ્કેલીમાં, ઝરદારી પરિવાર દુબઇ ભાગ્યો, ઇસ્લામાબાદમાં જંગી રેલી.
- ૨૦ પછી ઠંડીથી ફરી લોકો થરથર ધ્રૂજશે, હીમવર્ષા થવાની ચેતવણી.
- મહાકુંભનો પ્રારંભ, ૧ કરોડ યાત્રાળુઓએ પવિત્ર સ્થાન કર્યું.
- મોંઘવારીનો માર યથાવત, રીટેલ ફુગાવો ૧૦.૫૬% થયો.
- બ્રિટીશ સરકારમાં પ્રધાન બનનાર સૌપ્રથમ ગુજરાતી ડોલર પોપટને બ્રિટનની કેબિનેટમાં વેપાર-વાહન વ્યવહાર પ્રધાન બન્યાં.
- તા.૨૭મી એ અમરેલીમાં કવિ રમેશ પારેખની જન્મજયંતિ ઉજવાશે.
- બી.એસ.એન.એલ.નો ધમાકો, ગ્રાહકો હવે બે પૈસામાં એસ.એમ.એસ. કરી શકશે.
- ફિલ્મ અભિનેતા દિલીપકુમાર-સાયરાબાનુ હજયાત્રા કરી મુંબઇ પરત આવ્યાં.
- વાયુ પ્રદૂષણથી વર્ષે ૨૦ લાખનાં મોત : વિશ્વ આરોગ્ય સંગઠનનો અહેવાલ.
- ગુજરાતની સીમાએ સૈનિકો ખડકતું પાકિસ્તાન : ભારતીય સૈના સજ્જ.
- ગોવાની શાળામાં ૭ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર, લોકોમાં ભારે રોષ.
- બનાસકાંઠા પોલીસના જાપ્તામાંથી ભાગેલો પાકિસ્તાનની કેદી ઝડપાયો.

## છત્તીસગઢમાં એક વર્ષમાં છ હજાર કિશોરીઓ લાપત્તા થઈ છે

છત્તીસગઢ, તા. ૧૬

છત્તીસગઢ રાજ્યના જશપુર જિલ્લાના થુથિયાંબા ગામમાં શિયાળાની સવારે બસંતી નામની ૨૦ વર્ષની યુવતી પોતાના એક વર્ષના પુત્રને છાતીએ લગાવીને બેઠી છે પરંતુ તેના મનને શાંતિ નથી. તે વિચારે છે કે તેનો પુત્ર મોટો થશે પરંતુ તેને ક્યારેય પિતાનું નામ મળી શકશે નહીં.

બસંતી ૧૨ વર્ષની હતી ત્યારે તેના પડોશના ગામની એક મહિલા તેને ઘરકામ માટે નવી દિલ્હી લઈ ગઈ હતી. છ વર્ષ પછી તે પોતાના વતન પરત આવી ત્યારે તેના પેટમાં પાંચ મહિનાનો ગર્ભ હતો. તે જે ઘરમાં કામ કરતી હતી ત્યાં જ તેની ઉપર સતત બળાત્કાર થતો રહ્યો હતો.તાજેતરમાં જ વિધાનસભામાં ગૃહપ્રધાન નાનકીરામ કંવરે માહિતી આપી હતી કે છેલ્લા એક વર્ષમાં જશપુર અને તેની આસપાસના જિલ્લામાંથી છ હજાર કિશોરીઓ લાપત્તા થઈ ગઈ છે. બીજી તરફ રાજ્યના મહિલા અને બાળવિકાસ વિભાગના અધિકારીઓ આ આંક બમણો બતાવે છે. તેઓ કહે છે કે લગભગ ૧૩ હજાર કિશોરીઓ લાપત્તા થઈ છે.

દેશભરમાં ઘરકામ માટે નોકરાણી તરીકે ૧૮ વર્ષથી ઓછી વયની માસુમ કિશોરીઓને ખરીદ-વેચ આ વિસ્તારમાંથી થાય છે. ખાસ કરીને દિલ્હી અને મુંબઈમાં આ પ્રકારની નોકરાણી માટેની ખરીદી અહીંથી થતી હોય છે. આમ જશપુર જિલ્લો યુવતીઓની ખરીદીનું એક બજાર બની ગયો છે. મોટાભાગની છોકરીઓ શારીરિક યાતના તથા બળાત્કારનો શિકાર બને છે અને આત્મહત્યા કરે છે અથવા તો એડ્સનો શિકાર બને છે અને તેમનું જીવન અંત ભણી આગળ ધપે છે.આ આંકડા હેરાન કરી દેનારા છે. બસંતી તો એક ઉદાહરણ છે. તેની સાથે ત્રણ વખત બળાત્કાર થયો અને એ પણ તે નોકરાણી તરીકે કામ કરતી હતી તે જ ઘરમાં. આ ઉપરાંત એવી સેંકડો યુવતી છે જે પોતાની વાત જાહેર કરતી નથી. બસંતી કહે છે કે મેં મારા માલિકને ઘણી વખત ફરિયાદ કરી પરંતુ તેમ છતાં કોઈ ઉકેલ આવ્યો નહીં

## કિંગફિશર ફરી પ્લાન અંગે માહિતી આપવામાં નિષ્ફળ

### કિંગફિશરના સીઇઓ સંજય અગ્રવાલ ડીજીસીએ અરૂણ મિશ્રાને મળ્યા : એરલાઇન ઓપરેશન શરૂ કરવા ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૧૬

હાલમાં નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી કિંગફિશર એરલાઈન્સે આજે તેના રીવાઈવલ પ્લાન અંગે ડીજીસીએને સંતુષ્ટ કરવાના પ્રયાસો કર્યા હતા પરંતુ તેને ફરી નિષ્ફળતા બહાથ લાગી હતી. કિંગફિસર તેના ફંડિગ અંગે કોઇ વિગત આપવામાં નિષ્ફળ રહેતા તેની આશા પર પાણી ફરી વળ્યું છે. એવિએશન રેગ્યુલેટર દ્વારા જે દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા તે દસ્તાવેજો આપવામાં કિંગફિશરને સફળતા મળી ન હતી. કિંગફિશરના સીઈઓ સંજય અગ્રવાલ ડીજીસીએ અરૂણ મિશ્રાને મળ્યા હતા આ બેઠક ૪૫ મિનિટ સુધી ચાલી હતી. જેમાં જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. એરલાઈન સામે રહેલી સ્થિતી પર ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ વિવાદનો ઉકેલ આવી શક્યો ન હતો. સુત્રોએ કહ્યું હતું કે અગ્રવાલ કહી ચુકયા છે કે એરલાઈન ઉનાળાથી ઓપરેશન ફરી શરૂ કરવા માંગે છે. કિંગફિશરની સામે રહેલી સમસ્યામાં મુખ્ય સમસ્યા નાણાંની છે. કિંગફિશર પર હાલ ૭૫૦૦ કરોડનુ દેવુ છે. કિંગફિશરે અનેક સમસ્યા બાદ ગયા વર્ષે ૧૧મી ઓકટોબરના દિવસો તેના ઓપરેશનને સસ્પેન્ડ રાખવાની વાત કરી હતી.

## સોના પર આયાત ડ્યુટીને વધારી છ ટકા કરી દેવાશે

નવી દિલ્હી,તા. ૧૬

સોના ઉપર આયાત ડ્યુટીને વધારીને છ ટકા કરવાની વિચારણા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. જુદા જુદા પાસાંઓને ધ્યાનમાં લઈને આ વિચારણા ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ નાણાંમંત્રાલય સોના ઉપર આયાત ડ્યુટીમાં બે ટકાનો વધારો કરવા વિચારી રહી છે. ભારતની વર્તમાન ખાતાંકીય ખાદ્ય વધુ વધી રહી છે જેથી આને ઓછી કરવા તથા સોનાની માંગમાં વધારો પણ થયો છે. આ તમામ બાબતો ધ્યાનમાં લેવામાં આવી રહી છે. નાણાંમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું છે કે ૨૦૦ બેજિક પોઈન્ટનો વધારો સોના ઉપર આયાત ડ્યુટીમાં કરવા હિલચાલ ચાલી રહી છે. આગામી મહિને નાણાંમંત્રી ચિદમ્બરમ્ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે જેમાં જાહેરાતના ભાગરૂપે આયાત ડ્યુટીમાં વધારો કરવામાં આવી શકે છે. સોનાની આયાત ઉપર કસ્ટમ ડ્યુટી વધારીને છ ટકા કરી દેવામાં આવશે. આના લીધે દાણચોરીને પ્રોત્સાહન મળશે તેમ પણ કેટલાક લોકો નામ જાહેર નહીં કરવાની શરતે વાત કરી રહ્યા છે. નિષ્ણાંતોનો મત છે કે તાજેતરના વર્ષોમાં સોનાએ ખરીદારોને આકર્ષક રિટર્નની ઓફર કરી છે. આ સ્થિતિ હજુ પણ યથાવત્ છે. બેન્કરોએ ઓછી સોનાની આયાતને લઈને ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આના લીધે જ્વેલરી નિકાસને અસર થઈ શકે છે. નાણાંમંત્રી ચિદમ્બરમ્ આ મહિનાની શરૂઆતમાં જ કહ્યું હતું કે સોનાની આયાતને વધુ મોંઘી બનાવી દેવા પગલાં લેવામાં આવશે.

## ફુગાવો હજુ પણ ખુબ જ વધુ છે : સુબ્બારાવ

લખનૌ,તા. ૧૬

રિઝર્વ બેંકે આજે સંકેત આપ્યો હતો કે ફુગાવાનો દર હજુ પણ ખુબ ઉંચો છે જેથી ધીમા પડેલા અર્થતંત્રમાં વિકાસને પ્રોત્સાહન આપવા માટે નાણાંકીય સ્ટિમ્યુલસ અથવા તો નાણાંકીય ફેરફાર માટે કોઈ અવકાશ નથી. ફુગાવો ખુબ ઉંચો હોવાથી વ્યાજદરમાં ઘટાડો થવાના સંકેત પણ ખુબ ઓછા દેખાઈ રહ્યા છે. આઈઆઈએમના વિદ્યાર્થીઓને સંબોધતા આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવે કહ્યુ હતુ કે જ્યારે અર્થતંત્ર અને વિકાસની ગતિ ધીમી છે ત્યારે નાણાંકીય સ્ટિમ્યુલસની વાત કરવી યોગ્ય રહેશે નહીં. સુબ્બારાવની આ જાહેરાતથી શેરબજાર અને કારોબારીઓમાં અટકલોનો દોર શરૂ થઈ ગયો છે જો કે ૨૯મી જાન્યુઆરીના દિવસે યોજાનારી નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં કાપ મુકશે તેવા સંકેત હજુ પણ મળી રહ્યા છે.

## સિમેન્ટની કિંમતમાં રૂપિયા ૧૦-૨૫ સુધી વધારો થયો

### ૫૦ કિલોના બેગની કિંમતમાં ઉલ્લેખનીય વધારો કરાયો

મુંબઈ,તા. ૧૬

સિમેન્ટની કિંમતમાં ફરી એકવાર દેશભરમાં વધારો થવાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. સિમેન્ટની માંગ વધી જતા કિંમતમાં વધારો થયો છે. સિમેન્ટની કિંમતમાં પ્રતિ ૫૦ કિલોના બેગમાં રૂપિયા ૧૦-૨૫ સુધીનો વધારો થયો છે. કેટલાક વિસ્તારોમાં વધારો તેના કરતા પણ વધારે છે. છેલ્લા થોડાક મહિનામાં સિમેન્ટની કિંમતમાં સ્થિરતા રહ્યા બાદ કિંમતમાં વધારો થવાની શરૂઆત થઈ છે. ઉત્તરીય પ્રદેસમાં સૌથી વધારે વધારો થયો છે. અહીં કિંમતમાં ૨૦-૨૫ સુધીનો વધારો થયો છે. જ્યારે પશ્ચિમમાં વદારો ૧૫-૨૦ની આસપાસ છે. પૂર્વીય માર્કેટમાં વધારો ૧૦-૧૫ની આસપાસ રહ્યો છે. માત્ર દક્ષિણમાં જ ભાવ વધારો હજુ સુધી કરવામાં આવ્યો નથી. ભાવ વધારાના સંબંધમાં નિષ્ણાંતો જુદા જુદા મત આપી રહ્યા છે. તાજેતરના ભાવ વધારાની સાથે સમગ્ર દેશમાં સિમેન્ટની બેગની કિંમત સરેરાશ ૨૮૦-૨૮૫ સુધી પહોંચી ગઈ છે. મોનસુન બાદ પ્રથમ વખત જંગી વધારો કરવામાં આવ્યો છે. જો કે સિમેન્ટના જથ્થાને લઈને કોઈ વાતકરવામાં આવી રહી નથી. મોટી સિમેન્ટ કંપનીઓના શેરમાં તાજેતરમાં ફ્લેટ કારોબાર જોવા મળી રહ્યો છે. જેમાં એસીસી, અંબુજા, અલ્ટ્રા, શ્રી સિમેન્ટનો સમાવેશ થાય થછે. સિમેન્ટની કિંમતમાં વધારો થવા માટે કેટલાક અન્ય પરિબળો પણ જવાબદાર રહ્યા છે. જેમાં હવામાનની સ્થિતીનો સમાવેશ થાય છે. ભારતને વિશ્વના બીજા સૌથી મોટા સિમેન્ટ નિર્માતા તરીકે ગણવામાં આવે છે. ભારતની એંકદરે સિમેન્ટની ક્ષમતા પ્રતિ વાર્ષિક ૩૩૦ મિલિયન ટન છે.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

આ ઉપરાંત નંખાતા બીજા દ્રવ્યોમાં બલા છે કે જે શરીરને બળદાયક છે તથા વાયુનું શમન કરે છે.

આ ઉપરાંત ચ્યવનપ્રાશમાં ભોઆંબળી, ત્રિફળા, ગળો, કાકડા શિંગી, દશમૂળ, ચંદન, અરડૂસી, કાળી દ્રાક્ષ, એલચી, અષ્ટવર્ગની વનસ્પતિઓ (આ અષ્ટવર્ગની વનસ્પતિઓમાં આઠ વનસ્પતિઓનો સમાવેશ થાય છે જે દૈવી ગુણો ધરાવે છે પરંતુ હાલ અપ્રાપ્ય જેવી છે) આદિ દ્રવ્યો નાંખવામાં આવે છે.

જોઇએ તો ભોઆંબળી શ્રેષ્ઠ લીવર ટોનિક છે તથા ઇમ્યુનિટી વધારનાર છે. દશમૂળમાં સમાવિષ્ટ દસ દ્રવ્યો કે જે આવણે અગાઉનાં અંકોમાં જોઇ ગયા છીએ. શ્રેષ્ઠ વાયુશામક છે. વળી, દરેક દ્રવ્યો પોતપોતાના ગુણોમાં શ્રેષ્ઠ છે. કાકડાશિંગી કફ તથા વાયુનું શમન કરે છે. ગળો ઉત્તમ રસાયણ છે. શરીરને પુષ્ટીકર્તા છે તથા ઇમ્યુનિટી વધારનાર છે. ચંદન શરીર માટે ઠંડક પુરી પાડે છે તથા રક્ત માટે હિતકર છે. અરડૂસી કફશામક છે. અષ્ટવર્ગની વનસ્પતિઓનાં તો આયુર્વેદે ખૂબ ગુણ ગાયા છે. પરંતુ આયુર્વેદના વર્ણન મુજબ મળતી આ વનસ્પતિઓ હાલનાં તબક્કે મળવી ખુબ મુશ્કેલ છે.

આ ઉપરાંત ચ્યવનપ્રાશમાં શુધ્ધ ઘી તથા શુધ્ધ તેલ નાખવામાં આવે છે જે શરીરને પોષક છે તથા શુધ્ધ તેલ નાખવામાં આવે છે જે શરીરને પોષક છે, તથા સર્વધાતુઓને વધારનાર છે. ચ્યવનપ્રાશમાં ભારોભાર સાકર પણ નાખવામાં આવે છે. (માર્કેટમાં મળતા ઘણા ચ્યવનપ્રાશોમાં તો સાકર જ નાખવામાં આવે છે) સાકરથી સ્વાદ જળવાય છે તથા શરીરને ઉર્જા મળે છે.

ખડી સાકર નાંખેલ હોય તો તે વિશેષ ગુણકારી છે. ચ્યવનપ્રાશમાં મધ પણ નાંખવામાં આવે છે. જે શ્રેષ્ઠ કફ તથા મંદ હર છે. આ ઉપરાંત સ્વાદ તથા સુગંધ માટે ચ્યવનપ્રાશમાં ઉપરથી સૂંઠ, મરી, પીપર, વંશલોચન એલચી, કેસર, આદિ સુગંધી દ્રવ્યો નાંખવામાં આવે છે.

આમ, આટ-આટલા પાવડ પેક ઔષધો વડે તૈયાર કરાયલે ચ્યવનપ્રાશની એક ચમચી પણ ખૂબ તાકાતવાન છે. શિયાળામાં પાચનશક્તિ સારી હોવાથી ચ્યવનપ્રાશ શિયાળામાં જ ખવાય છે કારણ કે, ચ્યવનપ્રાશ પચવામાં ભારે છે. ચ્યવનપ્રાશનું સેવન દરેક વ્યક્તિએ પોતાના બળ, પ્રકૃતિ તેમજ પાચનશક્તિ મુજબ કરવું. કારણ કે કોઇ પણ વસ્તુ વધુ માત્રામાં નુકશાનકારક જ છે.

તો ચાલો, મકરસંક્રાતિના પર્વ બાદ હજી પણ ચાલી રહેલા શિયાળામાં ચ્યવનપ્રાશનું સેવન કરી નિરામય બનીએ.

## ભારતમાં ફિશની કિંમતમાં છેલ્લા એક વર્ષમાં ૧૦થી ૩૦ ટકા સુધીનો વધારો

કોલકાતા,તા. ૧૬

ભારતમાં ફિશની કિંમતમાં છેલ્લા એક વર્ષમાં ૧૦થી ૩૦ ટકા સુધીનો વધારો થયો છે. કિંમતોમાં હજુ ઘટાડો થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. સ્થાનિક માંગ ખૂબ જ ઝડપથી વધી રહી છે. ભારત ફિશ ઉત્પાદન ૬.૫૭ મિલિયન ટન પ્રતિ વાર્ષિક ધરાવે છે. માત્ર ભારતના જ નહીં બલ્કે પશ્ચિમ એશિયામાં પણ ફિશની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ઊંચી માંગના પરિણામ સ્વરૂપે કિંમતો આસમાને પહોંચી છે. ખાસ કરીને દુબઈ, બહેરીન અને મસ્કતમાં કિંમતોમાં વધારો થયો છે. અહીં છેલ્લા એક વર્ષના ગાળામાં છથી આઠ ટકાનો વધારો થયો છે. યુરોપીયન યુનિયન અને ચીનમાં માંગમાં ઘટાડો થયો છે. યુરોપીયન યુનિયન અને ચીનમાં ફિશની કિંમતમાં ૨૫ ટકાનો ઘટાડો થયો છ. ભારતમાં કિંમત વધવા માટે અન્ય ઘણા કારણો પણ જવાબદાર છે. છેલ્લા એક વર્ષના ગાળામાં ૧૦ ટકાનો વધારો થયો છે. કિંમત વધવા માટે ત્રણ પરિબળો જવાબદાર છે. જે પૈકી પ્રથમ એ છે કે ડિઝલની કિંમતમાં વધારો થવાના કારણે ખર્ચમાં વધારો થયો છે. બીજું કારણ એ છે કે માછીમારોનું કહેવું છે કે માછલી પકડવાનો ખર્ચ પૅણ વધી ગયો છે. ત્રીજુ કારણ એ છે કે માંગ ઉલ્લેખનીય રીતે વધી ગઈ છે. કારણ આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત લોકો હવે ફિશ ખાવાનું પસંદ કરવા લાગ્યા છે. દાખલા તરીકે મુંબઈમાં પોમ ફ્લેટફિશનો ભાવ પ્રતિ કિલો ૮૦૦ રૂપિયાની આસપાસ છે જે છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦ ટકા વધ્યો છે. ગોવાને પણ ફિશના ઉપયોગના મામલામાં સૌથી મોટા રાજ્ય તરીકે ગણવામાં આવે છે.

હોટલ ઉદ્યોગ તરફથી માંગ સૌથી વધારે જોવા મળે છે. વધુમાં નદીઓ અને દરિયામાં પણ આ સંપત્તિ રહેલી છે. ફિશના રેટ ગોવામાં ઉલ્લેખનીય રીતે વધી ગયા છે. પશ્ચિમ બંગાળમાં મધ્ય પ્રદેશ અને બિહારથી આવતી ફિશમાં ઘટાડો થયો છે. તીવ્ર ઠંડીમાં માછલીઓ પકડવાની બાબત પણ મુશ્કેલરૂપ હોય છે. રોહુ અને કટલા ફિશ તરીકે જાણીતી ફિશની કિંમતમાં ૩૦ ટકાનો વધારો થયો છે. ફિશ ખાવાના શોખીન લોકોમાં ફેવરિટ પોમફ્લેટની કિંમત કિલોદીઠ ૩૬૦ રૂપિયા સુધી પહોંચી છે.

## ડ્રીમલાઈનર બોઈંગની સુરક્ષાને લઈને સમીક્ષા

નવી દિલ્હી,તા. ૧૬

ભારે ચર્ચા જગાવનાર ડ્રીમ લાઈનર બોઈંગ ૭૮૭ વિમાનની સુરક્ષાની ભારત દ્વારા હાલમાં સમીક્ષા કરવામાં આવી રહી છે. ઉડ્ડીયન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. બોઈંગ કંપની ડ્રીમ લાઈનરની સ્થિતિને લઈને ઘણા અહેવાલ આવી ચૂકયા છે. ન્યૂઝ વાયરે તેના અહેવાલમાં જણાવ્યું છે કે એવીએશન રેગ્યુલેટર અમેરિકી વિમાન બનાવટી કંપનીના ઘટકોને લઈને વાતચીત કરવા માગે છે. સરકારી કંપની એર ઈન્ડિયા પાસે હાલમાં છ ડ્રીમ લાઈનર વિમાન છે. પશ્ચિમી જાપાનમાં ડ્રીમ લાઈનર્સ પૈકીના એકના ઈમરજન્સી ઉત્તરાણ બાદ નિરીક્ષણ માટે બોઈંગ ૭૮૭ વિમાનોની એક ટૂકડી પહોંચી ગઈ છે. એમ માનવામાં આવે છે કે વિમાનમાં બેટરીમાં ખામી હોવાના કારણે તેને તાકિદનું ઉત્તરાણ કરવાની ફરજ પડી હતી. જો કે તમામ યાત્રીઓ, વિમાની કર્મચારીઓને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. ડ્રીમ લાઈનરને આવરી લેતા આ પ્રકારના બનાવ બાદ મહાકાય વિમાનની સુરક્ષાને લઈને નવા પ્રશ્નો ઊભા થયા છે. ઉડ્ડયન રેગ્યુલેટર દ્વારા પણ સુરક્ષા પાસાંઓ ઉપર ધ્યાન આપવાનો નિર્ણય લીધો છે

## દિલ્હી ગેંગરેપને એક મહિનો પૂર્ણ : ન્યાયનો હજુય ઈંતજાર

નવી દિલ્હી,તા. ૧૬

સમગ્ર દેશમાં ભારે નારાજગી જગાવનાર દિલ્હી ગેંગરેપ કેસ અને હત્યા પ્રકરણને એક મહિનાનો સમય થઈ ગયો છે પરંતુ ન્યાયનો હજુ ઇંતજાર છે. તમામ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે પરંતુ દેશભરના લોકોને આ અપરાધીઓને અતિ કઠોર સજા કરવામાં આવે તેવી માંગ હજુ પણ જારી છે. આ શરમજનક ઘટના બાદ સમગ્ર દેશમાં વ્યાપક આંદોલન થયું હતું. દેશભરના લોકોના રોષને ધ્યાનમાં લઈને સરકારે સુરક્ષા માટેની વ્યવસ્થા પણ કરી હતી. આ કલંકિત ઘટનાને એક મહિનાનો સમય થઈ ગયો છે. દિલ્હીમાં હજુ કોઈ મોટા ફેરફાર દેખાઈ રહ્યા નથી. તપાસમાં જાણવા મળ્યું કે સમગ્ર ઘટનાથી દેશના લોકો શરમથી ઝૂકી ગયા હતા પરંતુ આ બનાવના એક મહિના બાદ પણ ઓટો, હોસ્પિટલ અને અન્ય જગ્યા ઉપર કોઈ ખાસ ફેરફાર દેખાઈ રહ્યા નથી. દિલ્હીમાં યુવતીઓ અને મહિલાઓ સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું કે હજુ પણ વ્યાપક દહેશત છે. મહિલાઓ દહેશતમાં જીવી રહી છે. એવી આશા પણ દેખાઈ રહી છે કે કેસને વહેલી તકે ફાસ્ટ્રેક કોર્ટમાં લઈ જઈને અંજામ સુધી પહોંચાડવામાં આવશે પરંતુ દુવિધા એ છે કે ગેંગરેપ અને હત્યા કેસને હજુ સુધી ફાસ્ટ્રેક કોર્ટમાં રજૂ કરી શકાયો નથી જેથી ભોગ બનેલી યુવતી અને તેના પરિવારના સભ્યને વહેલી તકે ન્યાય મળવાની આશા ઉપર પાણી ફળી વળ્યું છે. આ કેસને કેટલી વહેલી તકે ફાસ્ટ્રેક કોર્ટમાં લઈ જઈને સુનાવણી હાથ ધરવામાં આવશે તેને લઈને હજુ ચર્ચા જારી છે. ગયા મહિને ૧૬મી ડિસેમ્બરના દિવસે એક ચાર્ટડ બસમાં યુવતી સાથે ગેંગરેપનો બનાવ બન્યો હતો અને તેના એક મિત્રને પણ નિર્દય રીતે માર મારવામાં આવ્યો હતો. ચાલતી બસમાંથી બંનેને ફેંકી દેવામાં આવ્યા હતા. સિંગાપુરની માઉન્ટ એલીઝાબેથ હોસ્પિટલમાં સારવાર વેળા ૨૯મી ડિસેમ્બરના દિવસે યુવતીનું મોત થઈ ગયું હતું. આ બનાવને લઈને દેશભરમાં આક્રોશનું મોજું ફળી વળ્યું હતું.